# એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષીસ(ટેકનીકલ )

એલ.ડી કોલેજ ઓફ એન્જિનિયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ -૩૮૦ ૦૧૫

## ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમો ચલાવતી સરકારી અને અર્ધ સરકારી ઈજનેરી સંસ્થાઓ ખાતે ખાલી રહેલી બેઠકો પર ઓફલાઈન વેકેન્ટ રાઉન્ડ બાબતે (પ્રવેશ વર્ષ૨૦૨૬-૨૭)

પ્રવેશ વર્ષ ૨૦૨૬-૨૭ માં પ્રથમ વર્ષ ડિગ્રી ઇજનેરી અભ્યાસક્રમની તા. ૨૮.૦૭.૨૦૨૬ ના રોજ ઓનલાઈન રાઉન્ડ ની પ્રવેશ કાર્યવાહી પૂર્ણ થયેલ છે. ત્યારબાદ ખાલી રહેલી બેઠકો ગુજરાત વ્યવસાયિક ટેકનીકલ કોલેજો/સંસ્થાઓ (પ્રવેશનિયમન અને ફી ચુકવણી) નિયમ મુજબ “ખાલી બેઠકો” મુજબ ભરવાની થાય છે. જેના અનુસંધાને ટેકનીકલ શિક્ષણ સંચાલયના તાબા હેઠળ ની ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમો ચલાવતી રાજ્યની **સરકારી અને અનુદાનિત સંસ્થાઓ તેમજ, IITRAM અને The Maharaja Sayajirao University ની સ્વનિર્ભર બેઠકો** ખાતે ‘નોન-રિપોર્ટિંગ’, તેમજ પ્રવેશ રદ્દને કારણે “ખાલી બેઠકો” નો ઓફલાઈન વેકેન્ટ રાઉન્ડ પ્રવેશ કાર્યક્રમ નીચે મુજબ છે.

જેમાં પ્રથમ વર્ષ ડિગ્રી ઇજનેરી **પ્રવેશ વર્ષ ૨૦૨૬-૨૭ ના મેરીટ સમાવિષ્ટ તમામ ઉમેદવારો ભાગ લઇ શકશે.** આ પ્રવેશ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ વેબસાઈટ https://gujacpc.admissions.nic.in/ પર પોતાના લોગીન આઈડી (LOGIN ID) ની મદદથી પ્રવેશ સમિતિ એ નિયત કરેલ સમય મર્યાદામાં ઓનલાઈન સંમતિ (Consent) reshuffling પર ક્લીક કરી ને આપવાની રહેશે. તા. ૨૪.૦૮.૨૦૨૬ ના રોજ જાહેર થનાર મેરીટલીસ્ટ અને ઓફલાઈન કાઉન્સેલિંગના કાર્યક્રમ પ્રમાણે વિદ્યાર્થીએ ઓફલાઈન કાઉન્સેલિંગ માટે હાજર રેહવાનું રહેશે.

વેબસાઈટ ઉપર દર્શાવેલ બેઠકો ઉપરાંત ઉચ્ચ મેરીટ ધરાવતા ઉમેદવારો ને પ્રવેશ મળતા તેમના દ્વારા ખાલી થયેલ આનુસંગિક સરકારી અને અનુદાનીત સંસ્થાઓની બેઠકો પણ ઉપલબ્ધ થવાની શક્યતાઓ છે. આથી ઉમેદવારોને પોતાનો મેરીટ ક્માંક અને ઉપલબ્ધ બેઠકોની માહિતી ચકાસી અને ત્યારબાદ “ખાલી બેઠકો” ના ઓફલાઈન પ્રવેશ માટે ભાગ લેવાની સલાહ આપવામાં આવે છે. અગાઉનો પ્રવેશ રદ્દ થયા બાદ ઉમેદવારોને ફી રીફંડ સરકારશ્રીના પ્રવેશ અંગેના જાહેરનામા ના નિયમ "Cancellation of Admission and Refund of Fees" પ્રમાણે થશે.

**ઉક્ત રાઉન્ડ ઓફલાઈન હોવાથી વિધાર્થીઓએ ફક્ત કન્સેન્ટ આપવાની રહેશે. ઓનલાઇન ચોઈસ ભરવાની રહેતી નથી. જેની ખાસ નોંધ લેવા વિંનંતી.**

### પ્રવેશ કાર્યક્રમ

| Sr. No. | Activities | Date |
|---|---|---|
| 1 | Government/GIA Iinstitutions, MSU (SFI) and IITRAM **Vacant Seat information** | **21.08.2026** |
| 2 | Only Online Consent (for Government/GIA Iinstitutions, MSU (SFI) and IITRAM) https://gujacpc.admissions.nic.in/ | **21.08.2026 to 23.08.2026 (till 5.00 pm)** |
| 3 | **Declaration of common Merit List and Schedule for Offline Counselling on ACPC website** www.acpc.gujarat.gov.in | **24.08.2026 (12.00 noon)** |
| 4 | **Offline Counseling at ACPC Building, L D College of Engineering, Ahmedabad (Bring all the original Documents and token tuition fees at the time of offline Counselling)** | **25.08.2026 09.00 am onwards** |
| 5 | **Last Dat of Reporting at Institute** | **27.08.2026** |

વધુ માહિતી માટે ઉમેદવારો તથા વાલીઓ ને સમીતી ની વેબસાઈટ www.acpc.gujarat.gov.in જોવા જણાવવા મા આવે છે.

ઉપરોક્ત રાઉન્ડ બાદ નોન એલોટમેન્ટ ના કારણે ખાલી પડેલ બેઠકો ની માહિતી તેમજ આનુસંગિક પ્રક્રિયા ની જાહેરાત સમિતિ ની વેબસાઈટ પર ૨૭.૦૮.૨૦૨૬ ના રોજ જાહેર કરવામાં આવશે.

તા. **21.08.2026** - મેમ્બર સેક્રેટરી

**Help Line Number: 079-26566000**